# સ્મરણનો સ્પર્શ | મહેન્દ્ર દવે

[**'હવે સ્પર્શનું સ્મરણ છું હું'** : દેવયાની દવે, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ-મુંબઈ, પ્રથમ ઑગસ્ટ ૨૦૦૯, પૃ. ૧૮૫, રૂ. ૧૫૦]

ઉત્તર ગુજરાતના નાનકડા ગામ વાલમમાં ઊછરેલી; બચરવાળ પિતાની જ્યેષ્ઠ દીકરી આજથી સાત દસકા પહેલાં એ વખતની શાળા-કૉલેજમાં ભણીને Ph.D. સુધીનું શિક્ષણ મેળવીને મુંબઈની અને ત્યારપછી મહારાષ્ટ્રના દૂરના ઔરંગાબાદની સરકારી કૉલેજમાં પ્રાધ્યાપક અને આચાર્ય બની તેની સ્મૃતિકથા નારીના પુરુષાર્થને ઉજાગર કરે છે. તે સાથે જ દેવીબહેનના અંગત દામ્પત્યજીવનની કથાનો સમાંતર પ્રવાહ અંતે વાચકને તીવ્ર વિષાદમાં ડુબાડી દે છે.

ગામડાના ઉછેરની વિગતો આપતાં ડૉ. દેવીબહેન – તે વખતના વાલમ ગામનું તળપદ વાતાવરણ; ત્યાંના હાથિયા જેવા લોકઉત્સવો, ત્યાંની નાગર જ્ઞાતિની જીવનશૈલી અને લગ્નવિધિઓ; જોડે જોડે લપાઈને જાણે કે બેઠેલાં એવાં ઘરો; પાડોશીઓ સાથેના મમતાભર્યા પારિવારિક સંબંધો આદિનો જીવંત અને ઝીણવટભર્યો પરિચય આ કથાના પૂર્વાર્ધમાં પ્રાપ્ત થાય છે.

પણ આ કથા કેવળ સમાજચિત્રણ જ નથી. જો એમ હોત તો એનું મૂલ્ય Social documentationથી વિશેષ ન હોત ! પૂર્વાર્ધમાં સંજોગોનું Network સમજાવી, દેવીબહેન સ્વયં કેવી રીતે એમાં ગૂંથાયાં અને એનું કેવું આંસુભીનું પરિણામ આવ્યું તેની અત્યંત રસભર કથા, ભિન્નભિન્નની નિરૂપણરીતિ દ્વારા લેખિકાએ અહીં રજૂ કરી છે. આ વાર્તાગન્ધિ આત્મકથામાં બે પ્રવાહો સમાંતર છતાં પરસ્પરને સ્પર્શતા અનુભવાય છે.

ગામડામાં ઊછરતી કન્યકાને સૂરતથી આવેલા એક યુવાનનો મનોસ્પર્શ થાય છે અને આ મનોસ્પર્શ પહેલાં પરિણય રૂપે અને પછી પરિણામ રૂપે લગ્નમાં પરિણમે છે. ભવભૂતિએ કહેલું તેમ કોઈક ગૂઢ આંતરહેતુ આ બંને મુગ્ધ હૈયાંને – દેવીબહેન અને હરિને પરસ્પર ખેંચે છે. જુદાં જુદાં ધ્રુવો જેવાં; સમ નહીં વિષમ વ્યક્તિત્વ ધરાવતાં આ બે પાત્રો સમાજથી કંઈક અળગી રીતે એ જમાનામાં વડનગરના હાટકેશ્વર મહાદેવની છાયામાં, સ્વજનો વિના જ લગ્ન કરી લે છે, પછી પતિગૃહે પ્રથમ સૂરતમાં અને પછી પતિના વ્યવસાયાર્થે મુંબઈમાં ઘર લઈને વસે છે; કહો કે settle થવા મથે છે. શિક્ષિત નારી નોકરી શોધી લે છે અને ત્યાંની સરકારી કૉલેજોમાં ગુજરાતીના પ્રાધ્યાપકનો વ્યવસાય સ્વીકારી છેવટે મુંબઈની ઇસ્માઇલ કૉલેજમાં આચાર્ય અને ઔરંગાબાદની સરકારી કૉલેજમાં આચાર્યપદેથી નિવૃત્ત થાય છે.

એક અબૂધશી ગ્રામ કન્યકાની આ પુરુષાર્થકથામાં અ-સમ દામ્પત્યજીવનના રંગો ઉમેરાતાં આ કથાને કાંઈક ગહન અને રસાત્મક પરિમાણ પ્રાપ્ત થાય છે. સૂરત અને પછી મુંબઈમાં યુવાન દંપતીના જીવનમાં ઊઠતા પ્રશ્નો; મંથનો, તકલીફો, જાગતા વિસંવાદો, પરસ્પરના આઘાત-પ્રત્યાઘાતો – આ બધાંની કથા વાચકને કૃતિમાં પરોવતી રહે છે. આ દંપતીનો પ્રારંભિક કાળ સૂરતના સાંકડા મકાનમાં કેવી રીતે વીત્યો તેની કથા સ્મિત પ્રેરીને પણ વાચકને ગંભીર-ગમગીન બનાવી રહે છે. પછી વ્યવસાયાર્થે તેમને મુંબઈના અંધેરીમાં settle થવાનું થયું. નાના ગામમાંથી આવતી આ કન્યકાને માટે તો આ સૌ અકલ્પ્ય સ્વપ્નલોક હતું છતાં બધું ગોઠવાતું આવ્યું. અનુકૂળ થવાની તૈયારી હોય ત્યારે બધું જ પાર ઊતરતું હોય છે.

આવા પ્રસન્ન યુગલને ઉત્તરાવસ્થામાં કાળનો પડછાયો અડી ગયો, પરમ સાહસ અને સમજણથી સર્જેલું આ આનંદવિશ્વ પળવારમાં છિન્નભિન્ન થઈ ગયું. આ પરિસ્થિતિના પરમ વિષાદયુક્ત પ્રસંગોથી આ કથાનો ઉત્તરાર્ધ વિશેષ રસમય બની રહ્યો છે. સૂરતના એ મસ્તમૌલા આદમીને પ્રથમ, હૃદયની બીમારી અને પછી કેન્સર ડિટેક્ટ થયું અને પછી તો શરૂ થયું કીમોથેરપી, ભાતભાતની દવાઓ અને દવાખાનાંઓનું ચક્ર અને એ વિષચક્રના કેન્દ્રમાં છુપાઈને મૃત્યુ બેઠું હતું. આ બધા પ્રસંગો દેવીબહેને પૂરી સ્વસ્થતા સાથે નિરૂપ્યા છે. એક દિવસ હરિભાઈ આ ભરી ભરી મિજલસમાંથી અચાનક ઊઠીને ચાલતા થયા. વિદાયની એ પળો અહીં કેવળ અશ્રુથી આલેખાઈ છે, હરિભાઈ તો ગયા, રહી પાછળ એમની સ્મૃતિઓ. સ્મૃતિશેષ પતિને બોલાવતાં દેવીબહેન લખે છે, ''જવા દે, આ બધી વાત. હવે ક્યારે મળે છે ?'' અનંત તિતિક્ષા મૂર્ત કરતાં આ સાદાં વાક્યો કેવાં હૃદયસ્પર્શી છે ? એ કહે છે, ''હવે તારે કે મારે રજાઓનું લિસ્ટ જોવું પડે એમ નથી કે કેઝ્યુઅલ લીવની ઝંઝટ નથી. ગમે ત્યારે મળી શકીએ છીએ. એક પત્ર મારા પ્રત્યુત્તરમાં લખી દે. લગ્નના આગલા દિવસે લખ્યો હતો તેવો. ''હું આવું છું'' એટલું જ. અતિથિ બનીને આવીશ તો પણ ઉત્તમ. આવ, અજાણ્યા સ્ટેશને અજનબી બનીને મળીએ, કાં મને બોલાવી લે. સાથે ઊડીશું બ્રહ્માંડમાં.'' દેવીબહેનની વેદના કેવા સર્જનાત્મક શબ્દો દ્વારા વ્યક્ત થઈ છે ?

કૃતિના પૂર્વાર્ધમાં પણ નાગર જ્ઞાતિના, સૂરતમાં પ્રારંભાયેલા મુગ્ધ દામ્પત્ય-જીવનના, ઔરંગાબાદમાં આચાર્ય નિવાસમાં વસતાં લેખિકાને થયેલા અનુભવો પણ અત્યંત પારદર્શકતાથી નિરૂપાયા છે. એકાદ-બે દૃષ્ટાંતો. પૃ. ૧૬૬ ઉપરનો અનુભવ અનેક રીતે વિલક્ષણ છે. હરિભાઈએ દેવીને કહ્યું, ''થોડી વાર મારી બાજુમાં સૂઈ જા. મેં ના માન્યું. તું ગુસ્સે થઈ ગયો અને જિંદગીમાં પહેલી અને છેલ્લી વાર મને ગાલ ઉપર માર્યું અને મેં પણ તને તત્ક્ષણ જોરથી મારી દીધું. ધડાક કરતો દરવાજો બંધ કરતાં હું નીકળી ગઈ.'' (યાદ રાખો કે આ કથા જૂના યુગમાં ઊછરેલી કન્યકાની છે.) ઔરંગાબાદમાં ઘરની કામવાળીએ દેવીબહેનને પૂછ્યું, ''મેડમ, તુમચા માલિક કુઠે આહે.'' બહેને જવાબ આપ્યો, ''મલા કોઈ માલિક નાહીં.'' (''મારો કોઈ ધણી નથી.'') છતાં, આવાં વાક્યોથી આ આત્મકથામાં રજૂ થયેલી વિગતો લેશમાત્ર કાલ્પનિક હોવાનું લાગતું નથી.

સરકારી નોકરીના ઉત્તરકાળમાં જોગેશ્વરીમાં ઇસ્માઇલ કૉલેજના કૅમ્પસમાં રહેવાનું થયું. આચાર્ય નિવાસના પરિસરમાં વર્ષાના દિવસોમાં મલકાતી પ્રકૃતિનાં ચિત્રો ક્યારેક કાલેલકરની યાદ અપાવે એવાં જીવન્ત છે. ઘર આગળ બાંધેલા હીંચકા ઉપર ઝૂલતા આ દંપતીએ જિમખાનાના ઝરૂખેથી જોયેલી વર્ષાની હેલી કેવી જીવંત બની છે ? દેવીબહેન લખે છે (૧૭૩), ''જાણે લીલાછમ ગાલીચા ઉપર વરસતી મોતીની ધાર.'' ''વહેલી સવારે પારિજાતનાં ફૂલોની બિછાત, ઊંચાંઊંચાં તાડવૃક્ષોને બાંધેલી મટકીમાં ચાંચ ડુબાડી નીરાનું આચમન કરતો કાગડો, લાલ લાલ માટીવાળા નાના રસ્તાને ક્રૉસ કરતો સાપ, તેની પાછળ દોડાદોડી કરતો નોળિયો, પોતાના જ બાગમાં લટાર મારવા આવી હોય તેવી ગાયો, ભિક્ષાં દેહી કહી બારણે આવેલા કેશમુંડિત સાધુ જેવો અને કદીક મંદિરની દીપાવલી જેવો ડાળેડાળે ફૂલેલો ચંપો, કોયલનો ટહુકાર અને આમ્રમંજરીના મઘમઘાટે મનને તરબતર કરી દીધું છે.'' નિવૃત્તિ પછી વાંદરામાં નિવાસ દરમિયાન એમને જોગેશ્વરી યાદ આવે છે. એ કહે છે, ''મારો જીવ નાળિયેરીની ટોચે ચડી

ઇસ્માઇલને જોયા કરે છે. બંગલાનાં પપૈયાં; કેળ; સીતાફળી વચ્ચે ખિસકોલી બનીને દોડાદોડ કરે છે, વડની વડવાઈમાં હીંચે છે.'' (૧૭૪) કથાના આરંભમાં જ દેવીબહેનની કલમે ઊતરી આવતી આ કાવ્યગન્ધિ ગદ્યપંક્તિઓ સમસ્ત કૃતિમાં વ્યાપી રહેનારા વિષાદી હવામાનને સૂચિત કરી દે છે. એ પંક્તિઓ હવે વાંચો.

હરિભાઈને સંબોધીને દેવીબહેન લખે છે,

**''હમણાં જ તારી સાથે ચાલતી**
**આ લેવું છે, ને તે લેવું છે, એવો બબડાટ કરતી,**
**કાંઈ ના અપાવે તો કાંઈ નહીં.**
**જરા મારી સાથે પગલાં મિલાવીને તો ચાલ.**
**રોડ ક્રૉસ કરતાં તું મારો હાથ ઘટ્ટ પકડી રાખતો,**
**સિગ્નલ મળતાં જ હાથ છોડીને દોડતો**
**રોડની પેલે પાર જઈ, મારા આવવાની રાહ જોતો.**
**આજે તો તેં હદ કરી,**
**મેં હજી રોડ ક્રૉસ કર્યો નથી ને તું ગાયબ,**
**ક્યાં જઈને પાછી ઊભી રહું, તારી રાહ જોતી ?**

હરિભાઈની વિદાય પછી તેમની સાથેના સાહચર્યની વિગતો ફંફોસતાં અતીત જીવંત થતો આવે છે. યાદ આવે છે જીવનના સામાન્ય પ્રસંગો, પણ આ સામાન્ય અનુભવો ભાવસ્પર્શ થકી રસમય બની જાય છે. ધીરુબહેન પટેલે નોંધ્યું તેમ અતીત અને વર્તમાનની જાણે કે રંગોળી સર્જાય છે. દેવીબહેને કથાની રજૂઆત માટે કોઈ વિશિષ્ટ – આગવી pattern ઉપસાવી નથી. કથાનિરૂપણનું કોઈ પણ હાથવગું સાધન એમણે અસ્વીકાર્યું નથી. ક્યારેક લગ્નપૂર્વે પરસ્પરને લખેલા પત્રો દ્વારા એમનો ઊછરતો પ્રેમ નિરૂપાય છે; તો ક્યારેક આજે જે વિશ્વમાં છે જ નહીં અને છતાં, હૈયાના અણુઅણુમાં વસેલા છે એ હરિભાઈને સંબોધીને લખેલા કાલ્પનિક પત્રો દ્વારા વર્તમાનની એમની ભાવદશા નિરૂપાય છે. ક્યારેક જૂની ચીજોના દર્શને જણાતાં સ્મરણો રૂપે કથા વિકસતી જાય છે, તો ક્યારેક ભૂતકાળની સ્મૃતિઓ સાદા કથનથી નિરૂપાતી આવે છે. આજ અને ગઈ કાલના શ્યામશ્વેત રંગો ઊપસતા જાય છે. કથાના પૂર્વાર્ધમાં વિશેષતઃ સાદું કથનવર્ણન અને ઉત્તરાર્ધમાં સ્મૃતિજન્ય નાટ્યાત્મક પ્રસંગો દ્વારા દેવીબહેનનું હૃદય પ્રગટતું જાય છે.

કથા છે, માટે પાત્રો તો હોય જ. અહીં કલ્પનાજન્ય સૃષ્ટિ નથી, જેવી હતી તેવી સૃષ્ટિ અહીં ભાવનાના રંગો સાથે પુનઃજીવિત થાય છે. કેટલાંક દૃષ્ટાંતો. દેવીબહેનના શિક્ષક પિતાના આ ઉદ્‌ગાર જુઓ. માતાપિતાની પણ ગેરહાજરીમાં સ્વેચ્છાએ હાટકેશ્વરની નિશ્રામાં પરણેલાં દેવીબહેન છેવટે સૂરત સાસરિયે જવા ગાડીમાં બેસે છે. ગાડી ઊપડતાં પિતા જમાઈને કહે છે, ''હરિહર, મારું પચ્ચીસ વર્ષનું તપ તમને આપું છું. સાચવજો.'' (દેવીબહેન કહે છે – ''અને હું રડી પડી'') (કણ્વઋષિએ કહેલી વાત કેવી જુદી રીતે અહીં ઊતરી આવી !) કથા દેવીબહેન અને મુખ્યત્વે હરિભાઈને કેન્દ્રમાં રાખીને જ વિકસે છે. તે હરિભાઈને આવી રીતે જાણે છે. ''તું તોલીમાપીને જીવ્યો નથી. પવનના ઝોલાની જેમ તું આવ્યો... સ્થિર થવું તારા સ્વભાવમાં નહોતું. પવનની જેમ તું સતત વહેતો રહ્યો. આસપાસની ડાળીઓને, વૃક્ષવેલીઓને જરાક નમાવી; કદીક ટપલી મારી; કદીક ઉષ્માલિંગન દઈ તું વહેતો રહ્યો.'' (પૃ. ૧૧) નિખાલસ પારદર્શકતા એ દેવીબહેનનું વ્યક્તિત્વલક્ષણ. એ કહે છે, ''મારા માટે કદી સમય ફાળવ્યો નહોતો. મારા અસ્તિત્વને કોઈના ને કોઈના સાથે ચિપકાવી દઈને જાણે હું જીવી હોઉં એમ લાગે છે... મને સહજ રીતે જે મળ્યું તેનો સ્વીકાર કર્યો. એમ કરતાં જિંદગીએ મારો પાલવ ખુશીઓથી ભરી દીધો.'' (પૃ. ૧૩-૧૪)

દેવી અને હરિનાં પરસ્પર સાવ વિભિન્ન વ્યક્તિત્વો કઈ રીતે ભેગાં મળ્યાં, તે મોટું વિસ્મય છે. (સંભવતઃ આ કથા તે જ વિસ્મયની શોધ છે.) સમાન શીલ વ્યસનેષુ સખ્યમ્ – આ કવિવાણી અહીં સાચી જણાતી નથી. આ બંને પરસ્પર અ-સમ ધ્રુવો. હરિભાઈ ઊછળતો પવન, દેવીબહેન શાંત ધરિત્રી. એક ધીરતાની મૂરત તો બીજું સદા અધીર. આવાં પાત્રો કયા કારણસર સ્વેચ્છાએ ભેગાં મળ્યાં, આનંદથી સાથે રહ્યાં. આ વિધિવિધાનનું તાત્પર્ય શું હશે ? વ્યતિષજતિ પદાર્થાન્ આન્તરઃ કોપિ હેતુ – કયા આંતરહેતુથી આ બે પાત્રો આવી મળ્યાં – અને રસ્તા વચ્ચે જ હાથ છોડાવી છૂટાં થઈ ગયાં ! કહેવું હોય તો કહેવાય કે આ ઋણાનુબંધની કથા છે.

હરીન્દ્રભાઈ (દવે)એ ''પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં'' એમ ગાયું. અહીં જૂના પત્રોએ દેવીબહેનના હૃદયમાં હરિભાઈનું સ્મરણ પુનર્જીવિત કર્યું છે. ડાયરી જેવી લાગતી આ કથાગન્ધિ આત્મકથાને લેખિકા 'હવે સ્પર્શનું સ્મરણ છું હું' એવું નામ આપે છે. હેમંત ધોરડાની આ કાવ્યપંક્તિ પ્રયોજતું શીર્ષક દેવીબહેન માટે ઉપયુક્ત હશે. આપણે – વાચકો માટે 'સ્મરણનો સ્પર્શ' યોગ્ય શીર્ષક લાગે છે. શબ્દોના દોરથી ગૂંથાયેલી આ સ્મરણપુષ્પોની માળા સદ્‌ગતની સ્મૃતિને સમર્પિત કરી દેવીબહેન ઋણમુક્ત અને શોકમુક્ત થયાં છે.

આવી સુંદર, હૃદયહારી રચના માટે દેવીબહેનને અમારા અભિનંદન !